# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-10-2024** **Evening : 7.10 to 7.20PM**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

*******************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મન કી બાતમાં ડિજિટલ એરેસ્ટનાં નામે થતી છેતરપિંડી અંગે લોકોને સચેત રહેવા અનુરોધ કર્યો.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝ આવતીકાલે વડોદરામાં સી-295 એરક્રાફ્ટ કોમ્પલેક્ષનું ઉદઘાટન કરશે.
- શ્રી મોદી અમરેલી ખાતે ચાર હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ કામોનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે.
- શહેરી પરિવહન માટે શ્રેષ્ઠ કામગીરી બદલ સુરત શહેરને બેસ્ટ ઇન્ટેલીજન્સ ટ્રાન્સપોર્ટ વ્યવસ્થાનો અવોર્ડ મળ્યો.
- અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે ભારત અને ન્યૂઝીલેન્ડની મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે બીજી એકદિવસીય મેચ રમાઈ રહી છે.

*********************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ડિજિટલ એરેસ્ટનાં નામે થતી છેતરપિંડી અંગે ચિંતા વ્યક્ત કરી છે. આજે સવારે ‘મન કી બાત’ કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધતા પ્રધાનમંત્રીએ

ભારપૂર્વક જણાવ્યું કે, આ પ્રકારનાં ગુનાને ડામવા માટે તમામ તપાસ સંસ્થાઓ રાજ્ય સરકારો સાથે મળીને કામ કરી રહી છે. પ્રધાનમંત્રીએ મન કી બાતના શ્રોતાઓ માટે સાઇબર ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ અને ગુનેગાર વચ્ચેના સંવાદને રજૂ કર્યો હતો. તેમણે લોકોને કોઇને પણ પોતાની વ્યક્તિગત નાણાકીય માહિતી ન આપવા સલાહ આપી હતી અને રાષ્ટ્રીય સાઇબર હેલ્પલાઇન 1930 ડાયલ કરવા અથવા તો cybercrime.gov.in પર આવી ઘટનાની જાણ કરવા સલાહ આપી હતી.

(બાઇટ-પીએમ,ડીજીટલ ઇન્ડિયા)

આવતીકાલે વિશ્વ એનિમેશન દિવસ છે, ત્યારે પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, વૈશ્વિક એનિમેશનમાં ભારત નવી ક્રાંતિની દિશામાં આગળ વધી રહ્યું છે. તેમણે લોકોને ભારતને વૈશ્વિક એનિમેશન પાવર હાઉસ બનાવવાનો નિર્ધાર વ્યક્ત કરવા જણાવ્યું હતું. તેમણે ખુશી વ્યક્ત કરી કે છોટા ભીમ, ઢોલકપુર કા ઢોલ અને ક્રિશ્ના, હનુમાન તથા મોટુ-પતલુ જેવી એનિમેટેડ શ્રેણીઓ વિશ્વભરમાં વખણાઇ છે.

આત્મનિર્ભર ભારત અભિયાનને સફળ ગણાવતા ખુશી વ્યક્ત કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે આ ઝૂંબેશ રાષ્ટ્રની સામૂહિક ચેતનાનો હિસ્સો બની ગઈ છે. સ્પેશ ટેકનોલોજીમાં ચંદ્ર પર પહોંચનાર ભારત પ્રથમ દેશ છે. તેમણે વધુમાં જણાવ્યું કે,

(બાઇટ-પીએમ, આત્મનિર્ભર)

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, આત્મનિર્ભર બન્યા બાદ ભારત 85 દેશોમાં સંરક્ષણ ઉપકરણોની નિકાસ કરી રહ્યું છે. મન કી બાતમાં શ્રી મોદીએ બહાદુર અને દીર્ઘદ્રષ્ટા એવા બે નાયકો- સરદાર પટેલ અને ભગવાન બિરસા મુંડાનો ઉલ્લેખ કર્યો. તેમણે જાહેરાત કરી કે 31 ઓક્ટોબરથી સરદાર પટેલની, જ્યારે 15 નવેમ્બરથી ભગવાન બિરસા મુંડાની પણ 150મી જન્મજયંતીની ઉજવણી શરૂ થશે.

શ્રી મોદીએ લોકોને લોખંડી પુરુષ સરદાર પટેલ અને ધરતી-આબા બિરસા મુંડા અંગે પોતાનાં વિચારો સામાજિક માધ્યમમાં રજૂ કરવા વિનંતી કરી હતી. પ્રધાનમંત્રીએ આજનાં મન કી બાત કાર્યક્રમમાં સુલેખનનાં વિષયનો પણ ઉલ્લેખ કર્યો હતો,. તેમણે

જણાવ્યું કે, આજકાલ જમ્મુ કાશ્મીરમાં સ્થાનિક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા સુલેખનનો ઉપયોગ થઈ રહ્યો છે. શ્રી મોદીએ ફિટ ઇન્ડિયા વિષયનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે લોકોને હેશટેગ ફિટ ઇન્ડિયાનો ઉપયોગ કરીને સામાજિક માધ્યમોમાં પોતાનાં રોજીંદા ફિટનેસની વિગતો રજૂ કરવા જણાવ્યું હતું. 31 ઓક્ટોબરે રન ફોર યુનિટી અંગે તેમણે આ મુજબ જણાવ્યુઃ

પ્રધાનમંત્રીએ મન કી બાતના શ્રોતાઓને આગામી તહેવારો-ધનતેરસ, દિવાળી, છઠ પુજા અને ગુરુ નાનક જયંતીની શુભેચ્છા પાઠવી હતી.

## PM Vadodara Amreli

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝ આવતીકાલે વડોદરામાં સી-295 એરક્રાફ્ટ કોમ્પલેક્ષનું ઉદઘાટન કરશે. સી-295 પ્રોગ્રામ હેઠળ કુલ 56 એરક્રાફ્ટ છે જેમાંથી 16 વિમાન સીધા સ્પેનથી એરબસ દ્વારા પહોંચાડવામાં આવી રહ્યા છે. અને બાકીના 40 એરક્રાફ્ટ ભારતમાં બનશે.

આ અંગે વધુ માહીતી આપે છે, અમારા વડોદરાના પ્રતિનિધિ.

(બાઇટ-નિર્મિત દવે,પીટીસી, વડોદરા)

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓકટોબર 2022માં વડોદરામાં ફાઇનલ એસેમ્બલી લાઇનનો શિલાન્યાસ કર્યો હતો.

પ્રધાનમંત્રી મોદી આવતીકાલે વડોદરાથી બપોરે અમરેલીના દૂધાળામાં ભારત માતા સરોવરનું ઉદઘાટન કરશે.

ત્યારબાદ લાઠી, અમરેલી ખાતે ચાર હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ કામોનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. આ અંગે વધુ માહીતી આપે છે, અમારા અમરેલીના પ્રતિનિધિ.

(બાઇટ-હરેશ ટાંક, પીટીસી-અમરેલી)

દરમ્યાન, આવતીકાલે વડોદરામાં ભારત અને સ્પેનના પ્રધાનમંત્રીના રોડ શો ને લઇને રિહર્સલ યોજાયું હતું. રોડ શો નો રૂટ પોલીસ છાવણીમાં ફેરવાઇ ગયું છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

## URBAN MOBILITY CONFERENCE

ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે 17મી અર્બન મોબિલિટી ઇન્ડિયા પરિસંવાદનો સમાપન સમારોહ યોજાયો. આ કાર્યક્રમમમાં કેન્દ્રીય મકાન અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલ ખટ્ટરે જણાવ્યું કે, ટકાઉ અને સમાન જાહેર પરિવહન સેવા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, ભારત આગામી ટૂંક સમયમાં વિશ્વનું સૌથી વિશાળ મેટ્રો નેટવર્ક બની જશે.

(બાઇટ-મનોહર ખટ્ટર)

આ કાર્યક્રમમાં ‘શહેરી પરિવહનમાં શ્રેષ્ઠ કામગીરી બદલ રાજ્ય અને શહેરોને વિવિધ 9 શ્રેણીમાં પુરસ્કાર આપવામાં આવ્યા. જેમાં સૌથી ટકાઉ પરિવહન સેવા તરીકેનો પુરસ્કાર કોચી મેટ્રો રેલ કોર્પોરેશનને, શ્રેષ્ઠ જાહેર પરિવહન માટે ભુવનેશ્વરને, જ્યારે બેસ્ટ ઇન્ટેલીજન્સ ટ્રાન્સપોર્ટ વ્યવસ્થાનો અવોર્ડ સુરત શહેરને આપવામાં આવ્યો. સુરતના મેયર દક્ષેશભાઇ માવાણીને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

મંત્રીએ કહ્યું કે સરકારે ટકાઉ અને સંકલિત શહેરી પરિવહન સુનિશ્ચિત કરવા માટે અસંખ્ય પગલાં લીધાં છે. તેમણે ઉમેર્યું કે, છેલ્લા દસ વર્ષ દરમિયાન દેશમાં 725 કિલોમીટરથી વધુનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે અને અન્ય 974 કિલોમીટરનું મેટ્રો નેટવર્ક નિર્માણાધીન છે.

ટેક્નોલોજી, નવીનતા, હરિત ઉપાયો અને જાહેર – ખાનગી ભાગીદારીનો ઉપયોગ ટકાઉ, સુલભ અને સર્વસમાવેશક જાહેર પરિવહન સુનિશ્ચિત કરવા માટે કરવો જોઈએ એમ શ્રી ખટ્ટરે જણાવ્યુ હતું.

## SURAT VOLVO BUS

તહેવારોને પગલે મુસાફરોની સુવિધા જાળવવા માટે રાજ્ય સરકારે વધુ બસો દોડાવવાનો નિર્ણય કર્યો છે. આ દિશામાં આજે સુરતથી સૌરાષ્ટ્રના રૂટ પર નવી દસ વૉલ્વો બસો શરૂ કરાઈ છે. કેન્દ્રિય જળશક્તિમંત્રી સી.આર.પાટીલે નવી દસ અત્યાધુનિક વોલ્વો બસોને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. આ પ્રસંગે ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીએ પ્રતિક્રિયા આપતા આ મુજબ જણાવ્યું.

(BYTE – હર્ષ સંઘવી, ગૃહમંત્રી)

દરમ્યાન, આજે સવારે સુરતના ઉધના સ્ટેશને યુ.પી. અને બિહાર જવા માટે મોટી સંખ્યામાં મુસાફરોનો ધસારો જોવા મળ્યો હતો.

સુરત રેલ્વે પોલીસ અને સ્થાનિક પોલીસે પ્રવાસીઓને લાઇનથી ટ્રેનમાં તેમની સીટ ઉપર બેસાડ્યા હતા.

## Oath of Information Commissioners

રાજભવનમાં રાજ્યના માહિતી કમિશનર્સનો શપથવિધિ સમારોહ યોજાયો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ રાજ્ય માહિતી આયોગના નવનિયુક્ત માહિતી કમિશનર વિપુલ રામપ્રસાદ રાવલ અને ભરત જમનાદાસ ગણાત્રાને પદ અને નિષ્ઠાના શપથ લેવડાવ્યા હતા.

શપથવિધિ સમારોહમાં મુખ્ય માહિતી કમિશનર ડૉ. સુભાષચંદ્ર સોની, મુખ્ય સચિવ રાજકુમાર સહિત રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## Saurashtra earthquake tremors

અમરેલી જીલ્લામાં આજે સાંજે પાંચ વાગ્યાની આસપાસ 3.7ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ધારી, ખાંભા, લાઠી, લીલીયા, સાવરકુંડલા સુધી ભૂકંપનો આંચકા આવ્યા હતા. આ ભૂકંપનું કેન્દ્ર બિંદુ અમરેલીથી 41 કિમી દૂર નોંધાયું છે.

અમારા અમરેલીના પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે, ખાંભાના તાતણીયા ગામે ભૂકંપનો આચકો આવતા લોકો ઘરની બહાર દોડી ગયા હતા. અમરેલી જીલ્લા કલેકટર અજય દહિયાએ જણાવ્યું હતું કે, હાલ કોઈ નુકસાની કે જાનહાનિની માહિતી મળી નથી.

## Accident kills 3

પંચમહાલ જિલ્લાના ભંડોઇ-મેથાણ ગામમાં વીજળીનો વાયર બાઇકસવાર પર પડતા બે ભાઇઓ સહિત ત્રણ વ્યક્તિઓના વીજકરંટ લાગવાથી મોત નિપજ્યાં છે.

આજે સવારે મોરવા હડફ તાલુકાના ભંડોઇ ગામના નિવાસી બે સગા ભાઇઓ સહિત ત્રણ યુવાનો બાઇક પર ખેતરથી પરત ફરી રહ્યા હતા. ભંડોઇ-મેથાણ ગામના ચાર રસ્તા પાસે ઇલેક્ટ્રીક થ્રી ફેઇઝ લાઇનનો વીજળીનો તાર અચાનક તૂટીને બાઇક પર પડ્યો હતો. અચાનક તૂટીને વીજકરંટ લાગતા મૃત્યુ પામ્યા હતાં. આ અંગે સ્થાનિક પોલીસે ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

## Gas Leakage Ahmedabad

અમદાવાદના નારોલ વિસ્તારમાં આવેલી ફેકટરીમાં ગેસ ગળતર થતાં બે કર્મચારીઓના મોત નિપજ્યાં છે. જયારે છ કર્મચારીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

અમદાવાદ ફાયર બ્રિગેડના જણાવ્યા મુજબ નારોલમાં આવેલી એક સિન્થેટીક કંપનીમાં ગેસ ગળતરના કારણે આઠ કર્મચારીઓ બેહોશ થઇ ગયા હતાં. તમામ કર્મચારીઓને 108 એમ્બ્યુલન્સ દ્વારા મણિનગરની એલ.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. અન્ય છ કર્મચારીઓમાં ચારની હાલત ગંભીર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આજે સવારે 11 વાગે કંપનીમાં કેમિકલનું ટેન્કર ખાલી કરવામાં આવી રહ્યું હતું ત્યારે અન્ય કેમિકલ સાથે રિએકશન થતાં ગેસ ગળતર થયું હોવાના પ્રાથમિક અનુમાન છે.

## WOMEN CRICKET

**અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે ભારત અને ન્યૂઝીલેન્ડની મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે બીજી એકદિવસીય મેચ રમાઈ રહી છે.**

**મેચમાં ટોસ જીતીને બેટિંગ કરતા ન્યૂઝીલૅન્ડની ટીમે ૫ વિકેટે ૨૫૯ રન બનાવ્યા હતા અને ભારતને જીતવા માટે ૨૬૦ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ન્યુઝીલેન્ડની મહિલા ખેલાડી ડેવિનાએ સૌથી વધુ ૭૯ રન કર્યા હતા.**

ભારતની મહિલા ખેલાડી આર.યાદવે ૪ વિકેટ ઝડપી હતી. અમને છેલ્લા મળેલા અહેવાલો પ્રમાણે ભારતે 23 ઓવરમાં 5 વિકેટે 98 રન બનાવ્યા છે.

ત્રણ મેચની આ શ્રેણીમાં ભારતે 1-0ની લીડ બનાવી છે.